# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૦ તા.૦૪-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શાળાઓ પુનઃ શરૂ કરતી વખતે સલામતીના પગલાં અપનાવવા બાબત.**
**સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૯૫૬-૨૦૪૨ તા.૦૧-૦૩-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના તા.૧૩-૦૧-૨૦૨૧ના પત્ર અન્વયે કોવિડ-૧૯ ના સંક્રમણને રોકવા માટે સરકારશ્રી દ્વારા જરૂરી પગલાં લેવામાં આવેલ છે. હાલની સુધરેલ પરિસ્થિતિઓને ધ્યાને લઈ નીચે જણાવેલ સલામતીના પગલાં લઈ ક્રમશઃ શાળાઓ શરૂ કરવા જણાવેલ છે.

૧. શાળા પરિસરની યોગ્ય સ્વચ્છતા(સેનેટાઈઝેશન) સુનિશ્ચિત કરવી.
૨. હાથ અને ચહેરો ધોવા માટેની યોગ્ય સુવિધાઓ પુરી પાડવી અને વિદ્યાર્થીઓ અને શાળા સ્ટાફને હાથ અને ચહેરાની સ્વચ્છતા જાળવવા પ્રોત્સાહિત કરવા.
૩. ઓછામાં ઓછું ૨ મીટરનું શારીરિક / સામાજિક અંતર સુનિશ્ચિત કરવું.
૪. યોગ્ય રીતે માસ્ક પહેરવું સુનિશ્ચિત કરવું.

ઉકત સલામતિના પગલાં ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

તા.૦૪-૦૩-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી